# રંગભૂમિ મારું ઝનૂન છે-ધબકાર છે

## મનહર ગઢિયા

/ નાટ્યનિર્માતા-પ્રચારક

**ચાર** દાયકાથી ગુજરાતી નાટ્યજગત સાથે સંકળાયેલા મનહર ગઢિયાને ભાગ્યે જ કોઈ રંગકર્મી ઓળખતું નહીં હોય.

નાટકની છણાવટની વાત હોય કે રંગભૂમિ પર પ્રયોગાત્મક કૃતિઓને નવા સ્વરૂપે રજૂ કરવાની હોય, નાટકોની રચનાત્મક જાહેરખબરની દુનિયામાં 'કાજલ ઍડ્સ'ના કર્તાહર્તા મનહર ગઢિયા ખરા અર્થમાં ગુજરાતી, હિંદી, અંગ્રેજી રંગભૂમિને વરેલા છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

'મંત્રમુગ્ધ', 'ગાંધી વિરુદ્ધ ગાંધી', 'મહાપુરુષ', 'શ્યામ રંગ', 'ખેલૈયા', '૭x૩=૨૧', '૬x૪=૨૪', 'આજ જાને કી જીદ ના કરો', 'સર સર સરલા', વગેરે અનોખાં નાટકથી 'મનહર ગઢિયા પ્રોડક્શન્સ' એવાં સીમાચિહ્નો રંગભૂમિ પર પુરવાર થયાં છે, જેમાં નાટકોની પાત્રાવલિ, કલાકારો, નાટ્યકથા અને પ્રોડક્શન વૅલ્યૂની નોંધ લેવામાં આવે છે.

મનહર ગઢિયા કહે છેઃ 'મને એવાં જ નાટકોનું નિર્માણ કરવામાં મજા આવે છે, જેમાં વાતને જુદી રીતે કહેવામાં આવી હોય. રંગભૂમિ પર કોઈએ ન ઝીલ્યા હોય એવા પડકાર ઝીલવાની મજા જ કંઈ ઓર હોય છે. મારા માટે મારી રંગભૂમિ મારું ઝનૂન છે, વ્યવસાય નહીં.'

'મુંબઈ સમાચાર' અખબારમાં શેડ્યુલિંગ ડિપાર્ટમેન્ટમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરનારા મનહરભાઈ નોકરીની સાથે સાથે ભણતા પણ ખરા. નાટકોની જાહેરખબર અખબારમાં છપાવવા માટે આવતી ત્યારે ખાસ કરીને પ્રવીણ જોશી અને નિરંજન મહેતાનાં નાટકોની જાહેરખબર 'હટકે' રહેતી. એ જોઈને મનહરભાઈ સ્વબળે જાહેરખબર કેવી રીતે બનાવવી જોઈએ એનો અભ્યાસ કરવા લાગ્યા. 'મહેશ કુમાર ઍન્ડ પાર્ટી'ના પહેલા શોની જાહેરખબર બનાવવાનું કામ આવી જ રીતે મળ્યું. એમણે બનાવેલી જાહેરખબરથી પ્રેક્ષકો આકર્ષાયા અને 'મહેશ કુમાર ઍન્ડ પાર્ટી'નો શો હાઉસફુલ થઈ ગયો.

મનહરભાઈ કહે છેઃ 'નવનીત શાહ એ સમયના મોટા નિર્માતા. એમણે મને 'જંગલી કબૂતર' નાટકની જાહેરખબર બનાવવા આપી. મારી બનાવેલી જાહેરખબર નાટક જેટલી જ હિટ પુરવાર થઈ અને એ નાટકના ત્રણસો પ્રયોગ થયા.'

મનહરભાઈ ગઢિયાની કારકિર્દીનું આ હતું ગુજરાતી રંગભૂમિ પરનું પહેલું વ્યાવસાયિક કામ.



ત્યાર બાદ અંગ્રેજી દૈનિક 'મિડ-ડે'માં અઢી વર્ષની નોકરીમાં પણ મનહરભાઈએ જાહેરખબરો બનાવવાનું ચાલુ રાખ્યું. કામ એટલું વધી ગયું કે નોકરી છોડીને પોતાની ઍડ્વર્ટાઈઝિંગ એજન્સી શરૂ કરી.

એજન્સી શરૂ કર્યા બાદ 'ખેલૈયા' નાટક એ એમનું પોતાનું પહેલું નિર્માણ. કાન્તિ મડિયા, પ્રવીણ જોશી, ('આઈએનટી' સંસ્થા), શૈલેશ દવે, અરવિંદ ઠક્કર, અરવિંદ જોશી, સરિતા જોશી, શફી ઈનામદાર, અશોક ઠક્કર, હેમલ ઠક્કર, સંજય ગોરડિયા, 'હૅટ્સ ઑફ પ્રોડક્શન્સ', શોભના દેસાઈ, ફિરોઝ ભગત, રાજેન્દ્ર બુટાલા જેવા અનેક નિર્માતા-દિગ્દર્શકોનાં નાટકોની પબ્લિસિટી અને જાહેરખબર કરી ચૂકનારા મનહર ગઢિયાને ગયે વર્ષે 'બેસ્ટ પીઆર પર્સન ઑફ મુંબઈ સિટી'નો એવૉર્ડ પણ એનાયત થયો.

ઘણાં હિંદી-અંગ્રેજી નાટકોની પબ્લિસિટી કરવામાં પણ મનહર ગઢિયા અને એમની દીકરી કાજલ ગઢિયા બુદ્ધભટ્ટીનો ફાળો છે.

નવાં નાટકો, દિગ્દર્શકો, લેખકો, કલાકારોને શોધવાની એમની ફાવટ આજ પર્યંત અસરકારક રહી છે. ગુજરાતી રંગભૂમિને ધબકતી રાખવા માટે, પ્રેક્ષકોને વિચારશીલ કરવા માટે એ ભવિષ્યમાં એક ગુજરાતી મ્યુઝિકલ અને એકોક્તિ પ્રયોગાત્મક સ્વરૂપે રજૂ કરવાના છે.

રિલાયન્સ
ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃદ્ધિ એ જ જીવન